**Glacier Journal of Scientific Research** ISSN:2349-8498
**March 26 Issue I Vol 1**

Reserach Paper

# એક દેશ - એક ચુંટણીના અમલથી ચુંટણી ખર્ચમાં ઘટાડો અને GST આવક પર તેના પ્રભાવ

Manish Ramchandra Lachhani
Reserch Scholar
Law
Gokul Global University Siddhpur 384151
Email ID : manish.lachhani@gmail.com
Mo. 98255 36913

ડો.કરસનભાઈ એન. પટેલ(LL.M.,Phd)
Research's Supervisor
Gokul Global University
Siddhpur 384 151
Email ID : knp_1703@yahoo.com
Mo. 99250 28915

સારાંશ :

(One Nation One Election - ONOE) ના અમલથી ચુંટણી ખર્ચમાં થતા ફેરફારને લીધે દેશવ્યાપી ખર્ચમાં ઘટાડો થશે અને જેને લીધે GST ની આવકમાં પણ ઘટાડો નોંધપાત્ર બની રહેશે. જે એક યોગ્ય બાબત નથી. કારણકે Election થવાથી તેની પાછળ થતાં ખર્ચ, જેમકે સરકારી ખર્ચ, રાજકીય પક્ષોના ખર્ચમાં ઘટાડો થશે પણ સાથે સાથે આ ખર્ચમાં થતા ઘટાડાને લીધે અહીં GST આવકમાં ઘટાડો થશે અને વહીવટી ખર્ચમાં પણ ફેરફાર થશે. જે અર્થતંત્ર માટે સારો અને યોગ્ય ન્યાય છે. જે અંગે સંશોધનકારક દ્વારા આ પેપરમાં દર્શાવવામાં આવ્યું છે અને પેપરનો ઉદ્દેશ માત્રને માત્ર એક રીસર્ચ કરવાનો છે જેથી તેમાં થતા ફાયદા અને નુકશાન બન્ને દર્શાવેલ છે.

કીવર્ડ :

One Nation One Election - ONOE, ગુડસ એન્ડ સર્વિસ ટેક્સ (GST), GST ની ટકાવારી.

## (૧) પ્રસ્તાવના :

ભારત દેશ જે ખુબ જ મોટો અને વધુ વસ્તી ધરાવતો દેશ છે. જે દુનિયાની વસ્તીની દ્રષ્ટીએ બીજો દેશ છે. ભારત દેશમાં લોકસભા અને રાજ્ય વિધાનસભાની ચુંટણી અલગ-અલગ સમયગાળામાં યોજવામાં આવતી હોવાથી સરકાર, રાજકીય પક્ષો અને સમાજને વારંવાર ખુબ જ ખર્ચનો સામનો કરવો પડે છે. જેથી એક દેશ એક ચુંટણીનો વિચાર થવાથી આ પ્રકારનાં ખર્ચમાં ઘટાડો લાવીને શાસનની કાર્યક્ષમતા વધારવાનો છે. જેને કારણે સરકારનાં ખર્ચમાં ઘટાડાનો વિચાર આવે છે પણ તેને લીધે GST ની આવકમાં પણ સીધો પ્રભાવ જોવા મળે છે. જેને લીધે આ મુદ્દો એક અભ્યાસલક્ષી બને છે.

## (૨) ચુંટણી લક્ષી ખર્ચનું સ્વરૂપ :

જયારે ભારત દેશમાં વારંવાર ચુંટણી યોજવામાં આવે છે ત્યારે ચુંટણીનાં ખર્ચમાં સરકાર દ્વારા ખુબજ વધારો કરવામાં આવે છે. જેમા સરકારી ખર્ચમાં નીચે મુજબના ખર્ચનો સમાવેશ કરવામાં આવેલ છે.

Glacier Journal of Scientific Research

**Glacier Journal of Scientific Research** ISSN:2349-8498
March 26 Issue I Vol 1

૨.૧ સુરક્ષા વ્યવસ્થા :

આ પ્રકારની ચુંટણી જયારે જયારે યોજવામાં આવે છે ત્યારે ભારત દેશ વિસ્તારની દ્રષ્ટિએ ખુબ જ મોટો હોવાથી અને ભારત દેશમાં પડોશી દેશોને લઇ સુરક્ષા વ્યવસ્થા વધારવી પડે છે. જેની પાછળ લશ્કરી, અર્ધલશ્કરી વગેરે સુરક્ષાકર્મીને જુદા જુદા સ્થળે રાખવામાં આવે છે. જેથી દેશના ચુંટણી લક્ષી ખર્ચમાં ખુબજ વધારો થાય છે.

૨.૨. EVM / VVPT અંગેનો ખર્ચ :

ભારત દેશમાં વારંવાર ચુંટણી યોજવામાં આવે છે જેથી તેના માટે EVM અને VVPT પેડનાં ખર્ચમાં પણ ખુબ જ વધારો જોવા મળે છે.

૨.૩ કર્મચારીઓની નિમણુંક :

ભારત દેશમાં વારંવાર ચુંટણી યોજવાથી સરકારી કર્મચારીઓને પોતાની નોકરીમાંથી ચુંટણીલક્ષી કામગીરી માટે જવું પડે છે. અને સરકારને તેના પર પણ વેતન ચુકવવું પડે છે. જે પણ ખર્ચમાં વધારો સુચવે છે.

૨.૪ મુસાફરી ખર્ચમાં વધારો :

ભારત દેશમાં વારંવાર ચુંટણી યોજવામાં આવે છે જેથી સુરક્ષા કર્મચારી વગેરેને ચુંટણીલક્ષી અવર જવરનો ખર્ચ ચુકવવાથી સરકારી સંપતિનાં ખર્ચમાં ખુબજ વધારો થાય છે. જે એક દેશ માટે ચિંતાનો વિષય છે.

૨.૫ સરકારી ગ્રાંટમાં થતી અસરો :

ભારત દેશમાં ચુંટણીને લીધે આચારસંહીતા લાગુ પડે છે જેને લીધે જે રાજયમાં ચુંટણી યોજવામાં આવે છે ત્યારે તે રાજયમાં લોકોને પોતાની જરૂરીયાત પ્રમાણે ગ્રાંટ મળતી નથી કે મોડી મળે છે. જે સરકારને ઘણું નુકશાનકારક બને છે.

આ ઉપરોકત સરકારી ખર્ચને લીધે સરકારને ખર્ચમાં ખુબજ વધારો કરે છે, અને આ One Nation One Tax અપનાવવાથી ખર્ચમાં ઘટાડો થશે.

૨.૬ પ્રચાર સામગ્રી :

નીચેના ૨ પ્રકારના ખર્ચને કારણે પક્ષોને વારંવાર મીટીંગ તથા પરીવહનનો ખર્ચ ખુબજ વધારે થતો હોવાથી અહીં પક્ષોના ખર્ચમાં ખુબજ વધારો થતો જોવા મળે છે.

૨.૭ રેલીઓ તથા જાહેરાત ખર્ચમાં પણ ખુબજ વધારો થાય છે. જે પક્ષોના ખર્ચમાં ખુબજ વધારો કરે છે અને સાથે સાથે જાહેરાત ખર્ચ અને મીડીયા ખર્ચમાં પણ વધારો થાય છે.

Glacier Journal of Scientific Research

૨.૮ અર્થતંત્ર પર અસર :

આ ચુંટણીલક્ષી ખર્ચને લીધે અર્થતંત્રમાં ખુબજ અસરો જોવા મળે છે. જેમાં વિકાસના કામને ખુબ વેગ મળે છે.

આ ઉપરોક્ત તમામ ખર્ચમાં વધારો થવાથી સરકારી તિજોરી પર અસર થાય છે અને સરકારને આ ખર્ચ પર GST ટેક્સ લેવામાં આવે છે. જેથી GST ની આવકમાં વધારો થાય છે. કારણકે આ તમામ પ્રકારનાં ખર્ચ પર GST ટેક્સનાં માળખામાં ગોઠવણી હોવાથી કરની આવકમાં ખુબજ વધારો થાય છે.

(૩) એક દેશ એક ચુંટણીથી ચુંટણી ખર્ચમાં વધારો :

ઉપરોક્ત ખર્ચની વિગત આપણે જોઇ અને સાથે ખર્ચ માત્રને માત્ર સરકારી તિજોરીમાં થતી આવકમાં ખુબજ વધારો કરે છે. પરંતુ જો આ ખર્ચમાં ઘટાડો કરવામાં આવે તો ઘણા ખર્ચમાં ફેરફાર થાય છે.

સરકારી ખર્ચમાં ઘટાડો કરવા માટે એક સાથે ચુંટણી યોજવાથી ઘણા ફાયદાઓ થાય છે. જે નીચે મુજબ છે.

૩.૧ સુરક્ષા ખર્ચમાં ઘટાડો
૩.૨ વહીવટી ખર્ચમાં ઘટાડો
૩.૩ EVM / VVPT ની બાબતમાં ઘટાડો
૩.૪ પરિવહન ખર્ચમાં ઘટાડો
૩.૫ આચાર સંહિતા વારંવાર લાગુ ન પડે તો વિકાસના કામમાં વારંવાર અવરોધો આવતા નથી અને જેથી વહીવટી કાર્યક્ષમતા વધે છે.
૩.૬ રાજકીય ખર્ચમાં પણ સંયમ આવે છે. જેથી વારંવાર મીટીંગ, રેલી, જાહેરાત, પ્રચાર ખર્ચ કરવો નથી પડતો.

(૪) GST આવક પર એક દેશ - એક ચુંટણીનો પ્રભાવ :

અહીં ઉપરોક્ત મુદ્દામાં એક દેશ એક ચુંટણીના પ્રભાવથી GST ની આવકમાં ઘણોખરો ફેરફાર જોવા મળે છે. જે નીચે મુજબ છે.

૪.૧ ટુંકાગાળાના પ્રભાવ :

અહીં ચુંટણી ખર્ચ સમયે થતાં ભારે ખર્ચથી પ્રચાર સામગ્રી, જાહેરાત, ઈવેન્ટ મેનેજમેન્ટ ઘટવાથી GST ની આવકમાં ઘટાડો આવે છે.

૪.૨ લાંબા ગાળાના પ્રભાવ :

Glacier Journal of Scientific Research

અહીં ઉપરોકત મુદ્દા પ્રમાણે લાંબા ગાળામાં હકારાત્મક અસરો જોવા મળે છે. જેમકે (૧) આર્થિક સ્થિરતા વધે છે. કારણકે જેમાં વારંવાર ચુંટણી ન હોવાથી વેપાર અને ઉદ્યોગને સારા લાભ મળે છે. જેથી ઉત્પાદન અને સેવાઓમાં વધારો થાય છે. જેથી GST ની આવક અહીં વિસ્તરે છે.

વહીવટી કાર્યક્ષમતામાં વધારો જોવા મળે છે. કારણકે અધિકારીઓને વારંવાર ચુંટણીની ફરજ પર જવું ના પડવાથી કર વસુલાત ખુબ જ ઝડપી વધે છે અને સાથે સાથે GST ની આવકમાં વધારો થાય છે.

અહીં સાથે સાથે સરકારી બચતોને પણ વેગ મળે છે. કારણકે જે રકમ સરકારી તિજોરીમાં પડી હશે તેથી બચેલા નાણાને ઈન્ફ્રાસ્ટ્રકચર, શિક્ષણ, આરોગ્યમાં રોકાણ થવાથી પૈસાનો યોગ્ય ઉપયોગ થાય છે.

(૫) સંશોધન પદ્ધતિ :

અહીં સંશોધન પદ્ધતિ તુલનાત્મક અને સમીક્ષાત્મક મુલ્યાંકન પદ્ધતિનો આધાર લેવામાં આવે છે.

(૬) સંશોધનનો હેતુ :

અહીં સંશોધનનો હેતુ માત્રને માત્ર એક દેશ એક ચુંટણીથી ઘણા ફાયદા અને નુકશાન દર્શાવવાનો છે. સાથે સાથે GST પર કેવા પ્રકારની અસરો થશે તે અંગેનો છે.

(૭) નિષ્કર્ષ :

અહીં એક દેશ એક ચુંટણીના અમલથી શરૂઆતમાં ચુંટણી સંબંધિત કેટલીક પ્રવૃતિઓ ઘટવાથી, GST ની આવક પર અંશત: ઘટાડો જોવા મળે છે. પરંતુ અહીં લાંબા ગાળે આ વ્યવસ્થાથી GST ની આવકમાં વધારો જોવા મળે છે અને દેશમાં આર્થિક સ્થિરતા અને વહીવટી કાર્યક્ષમતામાં ખુબજ વધારો જોવા મળે છે.

(૮) સંદર્ભ સુચિ :


- એક દેશ એક ચુંટણીનું કાયદાકીય માર્ગદર્શન
- GST માં રહેલી ટેકસની વસુલાત અંગે.
- GST માર્ગદર્શિકા (KMS Books)


Glacier Journal of Scientific Research